**ઉમરાળાના મે. પ્રિન્સીપાલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરાળા**

**ફો.કેસ.નં.૧૬૯/૨૦૨૫**

**ફરિયાદી: સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરુદધ**

**આરોપી: નં.૧ કરશનભાઈ ઓઘડભાઈ વિ.૫**

-----------------------------------

**આરોપી નં.૩ નાઓની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ તળે બિનતહોમત છોડી મૂકવાની આંક–૦૭ ની અરજી લગત હુકમ.**

-----------------------------------

૧. હાલની અરજી આ કામના આરોપી નં.૩ નાઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડ (હવે પછી સરળતા ખાતર સી.આર.પી.સી તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ–૨૩૯ તળે તેઓને હાલના કામે બિનતહોમત છોડી મુકવા અર્થે ની રજૂ રાખેલ છે. તેઓની હાલની અરજીમાં એવી રજૂઆત કરેલ છે કે, આ કામના આરોપી નં.૧ કરશનભાઈ ઓઘડભાઈ ભેડાને મુદામાલ સાથે તા. ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ પકડવામાં આવેલ અને ફોન હીસ્ટ્રીના આધારે તેઓને આ ગુન્હામાં સંડોવી દીધેલ છે. તથા તેઓની પર એફ.આઈ.આર દાખલ કરીને આ કામના તપાસ કરનાર અધિકારીએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓ ''શિવ ઓટો ગેરેજ'' ધરાવે છે જેમાં ફોર વ્હીલ રીપેરીંગનું કામ કરે છે. આ કામના આરોપી નં.૧ કરશનભાઈ ઓઘડભાઈ ભેંડાએ તેઓની સાથે ફોર વ્હીલ રીપેર કરવા માટે અવાર નવાર ફોન કરતા હતા અને તેથી તેમની કોલ હીસ્ટ્રીમાં તેઓના મોબાઈલનો નંબર હીસ્ટ્રીમાં ખૂલેલ છે. તેઓ પર કોઈ જાતનો અગાઉ કેસ થયેલ નથી. તેઓના કબજામાંથી કોઈપણ

જાતનો મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યા પર તેઓ હાજર મળી આવેલ નથી. માત્ર ફોનની હીસ્ટ્રીના આધારે તેઓને ગુન્હામાં સંડોવી દીધેલ છે. આ કામમાં તેઓએ કહેવાતી ફરીયાદમાં કોઈપણ જાતનો ભાગ ભજવેલ ન હોવા છતાં તેઓને આરોપી તરીકે જોડેલ છે. જેથી તેઓ આરોપી નં.૩ ને ડીલીટ કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા જણાવેલ છે.

૨. હાલની અરજીના કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ. મકવાણાનાઓએ હાલની અરજી પરત્વે એવી મૌખિક દલીલ કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદમાં આરોપીનું નામ છે. આરોપીની પ્રથમદર્શનિય સંડોવણી છે. પુરાવો લેવો જરૂરી છે. પંચનામા તેમજ સહેદોના નિવેદનોમાં આરોપીની સંડોવણી હોવાનું જણાવેલ છે. ત.ક.અ.શ્રીએ પુરતી તપાસ કરી ચાર્જશીટ કરેલ છે. જેથી હાલની અરજી રદ કરવા દલીલ કરેલ છે. આરોપીઓ તર્ફે તેઓના વિ.વ.શ્રીનાઓએ એવી દલીલ કરેલ છે કે, તેઓને કોલ હીસ્ટ્રીના આધારે આરોપી બનાવેલ છે. મુખ્ય આરોપી તેઓની ગેરેજ આવતા હોય જેથી તેઓ સાથે અવાર-નવાર વાતચીત થતી. તેઓનો કોઈ ગુન્હાહીત ઈતિહાસ નથી. તેમજ પોલીસ સમક્ષ કરેલ કબૂલાત સ્વીકાર્ય નથી. તેઓ આરોપીની સ્થળ ઉપર કોઈ હાજરી નથી. તેમજ મુદામાલ તેઓ પાસેથી મળી આવેલ નથી. જેથી આરોપીને હાલના કામે ડીલીટ કરવા દલીલ કરેલ છે.

૩. હાલની અરજી વંચાણે લીધી. બંને પક્ષની રજૂઆત સાંભળી. હાલના કેસનું રેકર્ડ વંચાણે લીધું. હાલની અરજીના નિર્ણય અર્થે સી.આર.પી.સી કલમ-૨૩૯ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈએ તો,...

કલમ-૨૩૯. આરોપીને કયારે છોડી મૂકવા જોઈશે. - કલમ-૧૭૩ હેઠળ પોલીસ રિપોર્ટ તથા તેની સાથે મોકલાયેલ તમામ દસ્તાવેજો વિચારણામાં લીધા

પછી મેજીસ્ટ્રેટને જરૂરી જણાય તેવી આરોપીની જુબાની લીધા પછી અને ફરીયાદ પક્ષ અને આરોપીને સુનાવણીની તક આપ્યા પછી, મેજીસ્ટ્રેટને આરોપી વિરુદધનું તહોમત વજુદ વગરનું લાગે તો, તેણે તેને છોડી મુકવો જોઈશે અને તેમ કરવાના પોતાના કારણોની તેણે નોંધ કરવી જોઈશે.

હવે હાલની અરજીના નિર્ણય અર્થે હાલના કામના ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતાં તેઓએ ફરીયાદમાં હાલના કામના આરોપીનું નામ જણાવેલ છે. તેમજ હાલના કામે રજુ પંચનામામાં પણ હાલના કામના આરોપીનું નામ સહઆરોપીએ જણાવેલ છે. વધુમાં હાલના કામે પોલીસ સાહેદ નરેન્દ્રસિંહ રામદેવસિંહ ગોહિલ તેમજ પોલીસ સાહેદ જયપાલસિંહ ભૂપતસિંહ ગોહિલનાઓના નિવેદનમાં પણ હાલના આરોપીનું નામ તેમજ તેઓની ગુન્હામાં કેવી રીતે સંડોવણી છે તે હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં હાલના કામની એફ.આઈ.આરમાં પણ આરોપીનું નામ પ્રથમથી જ છે.

વધુમાં ફરીયાદીનાએ તેઓની ફરીયાદમાં પણ હાલના કામના આરોપી/અરજદારોનો ગુન્હામાં કેવી રીતે ભાગ ભજવેલ છે તે હકીકત પણ જણાવેલ છે. તેમજ સાહેદોએ પણ સદરહુ હકીકત તેઓના નિવેદનમાં જણાવેલ છે. તે સંજોગોમાં પણ હાલના આરોપી/ અરજદારો તર્ફે કરવામાં આવેલ દલીલ કે, તેઓ સામે કોઈ પ્રથમદર્શનિય પુરાવો ચાર્જશીટ સાથે સામેલ નથી તે હકીકત માની શકાય નહી. વધુમાં આરોપી તર્ફે કરવામાં આવેલ દલીલ કે પોલીસ સમક્ષ કરેલ કબૂલાત સ્વીકાર્ય નથી. પરંતુ સદરહુ દલીલ હાલના તબકકે સ્વીકારી શકાય નહિ કેમકે સદરહુ દલીલ ટ્રાયલના કામે પુરતો પુરાવો નોંદયા બાદ પોલીસ સમક્ષ કરેલ કબૂલાતનું પુરાવાકીય મૂલ્ય સમગ્ર પુરાવાને ધ્યાને લઈને કરવાનું હોય છે.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા યુનિયન ઓફ ઈન્ડીયા વિરુદધ પ્રફુલ્લા કુમાર સમલ, એ.આઈ.આર ૧૯૭૯ સુપ્રિમ કોર્ટ –૩૬૬ ના પેરા નં. ૧૨ માં એવુ હેલ્ડ કરવામાં આવેલ છે કે, " PARA 12 : Now the text question is whether a prima facie case has been made out against the appellant. In exercising powers under Section 227 of the Code of Criminal procedure, the settled position of law is that the Judge while considering the question of framing the charges under the said section has the undoubted power to sift and weigh the evidence for the limited purpose of finding out whether or not a prima facie case against the accused has been made out; where the materials placed before the court disclose grave suspicion against the accused which has not been properly explained the court will be fully justified in framing a charge and proceeding with the trial; by and large if two views are equally possible and the judge is satisfied that the evidence produced before him while giving rise to some suspicion but not grave suspicion against the accused, he will be fully justified to discharge the accused, and in exercising jurisdiction under Section 227 of the Code of Criminal Procedure, the Judge cannot act merely as a post office or a mouth piece of the prosecution, but has to consider the broad probabilities of the

case, the total effect of the evidence and the documents produced before the court but should not make and weigh the evidence as if he was conducting a trial"

આમ, ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ જયારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપરથી આરોપીએ પ્રથમદર્શનિય રીતે ગુનો આચરેલ ન હોવાની ''પ્રબળ શંકા'' નહી પણ માત્ર શંકા જાય તો આરોપીને ડીસ્ચાર્જ કરી શકાય. હાલના હાથ પરના કેસમાં હાલના કામના અરજદાર/આરોપીએ ફરીયાદીનાએ જણાવેલ મુજબની રીતે ગુનો પ્રથમદર્શનિય રીતે આચરેલ નહી હોવાની કોઈ જ શંકા રેકર્ડ પર રજૂ પુરાવાથી કરી શકાય તેમ નથી. જેથી અરજદાર/આરોપી તર્ફે કરવામાં આવેલ રજૂઆત અને દલીલ અગ્રાહય રાખવામાં આવે છે. અને ફરીયાદ પક્ષે કરવામાં આવેલ રજૂઆત ગ્રાહય રાખી હાલની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:<u>હુકમ</u>:-

૧. હાલના કામના આરોપી નં.૩નાઓની હાલની આંક-૦૭ ની તેઓને બિનતહોમત છોડી મૂકવાની અરજી આથી ના-મંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઉમરાળા ( ખાંટ યોગેશકુમાર કાભઈભાઈ)
તારીખ : ૨૯/૦૮/૨૦૨૫ પ્રિન્સિપાલ જયુડી.મેજી.ફ.ક,ઉમરાળા
જજ કોડ: જી.જે.૦૧૪૫૮